"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સમર્પણ ન્યૂઝ"

# સત્ય સમર્પણ NEWS

સમાચારનો સાચો પ્રભાવ

સોશિયલ મીડિયા આવૃત્તિ

RNI NO: GUJGUJ/2023/84681

Email : satyasmarpannews@gmail.com

આપના મોબાઈલમાં સત્ય સર્મપણ મેળવવા ઈચ્છો છો??

QR કોડ સ્કેન કરો અને જોડાવ અમારા whatsapp ગ્રુપમાં

તંત્રી : કિશ પઢારિયા | સહતંત્રી : મયુરસિંહ જાડેજા | Date : 29-8-2025 | Friday | Page : 8 | Year : 1 | Issue : 237 | Price : 2/-

# વડાપ્રધાન મોદી જાપાન પહોંચ્યાઃ ટોક્યોના એરપોર્ટ પર થયું સ્વાગત

## SCO સમિટમાં ભાગ લેશે, ગાયત્રી મંત્ર અને ભજન સાથે PMનું જાપાનમાં સ્વાગત

નવી દિલ્હી, તા. ૨૯: વડાપ્રધાન નરેન્દ્ર મોદી શિખર સંમેલનમાં ભાગ લેવા માટે જાપાન પહોંચી ગયા છે. ટોક્યોના હાનેડા એરપોર્ટ પર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને ૨૮ ઓગસ્ટે જાપાન અને ચીનના પ્રવાસ માટે રવાના થયા હતા. જાપાન માટે રવાના થતા પહેલા, તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પ્રવાસ ભારતના હિતોને આગળ વધારવામાં મદદ કરશે. તે પ્રાદેશિક, વૈશ્વિક શાંતિ અને પરસ્પર સહયોગને મજબૂત બનાવવામાં પણ મદદરૂપ થશે.

મુલાકાતના પહેલા તબક્કામાં, વડાપ્રધાન મોદી ૨૯ અને ૩૦ ઓગસ્ટે જાપાનમાં રહેશે. ત્યારબાદ, તેમણે ચીન જશે, જ્યાં તેઓ શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ના વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. મુલાકાત માટે રવાના થતા પહેલા વડાપ્રધાને કહ્યું હતું કે, તેઓ તિયાનજિનમાં યોજાનારી શિખર સંમેલન દરમિયાન ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને મળવા માટે ઉત્સુક છે.

જાપાનમાં, વડાપ્રધાન મોદી તેમના જાપાની સમકક્ષ શિગેરુ ઈશિબા સાથે શિખર સંમેલન કરશે. જાપાન મુલાકાત અંગે, વડાપ્રધાન મોદીએ



કહ્યું કે, આ સમય દરમિયાન ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને આગલા સ્તર પર લઈ જવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેણે છેલ્લા ૧૧ વર્ષમાં સતત નોંધપાત્ર પ્રગતિ કરી છે. જાપાન મુલાકાતનો હેતુ પરસ્પર સહયોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાનો, આર્થિક અને રોકાણ સંબંધોનો વ્યાપ વધારવાનો અને AI તેમજ સેમિકન્ડક્ટર જેવી નવી ટેક્નોલોજીમાં ભાગીદારીને આગળ વધારવાનો રહેશે. આ મુલાકાત ભારત અને જાપાન વચ્ચે સભ્યતા અને સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવવાની તક બનશે.

બીજા તબક્કામાં, વડાપ્રધાન મોદી ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે ચીનના તિયાનજિનની મુલાકાત લેશે. ત્યાં તેઓ જઈઘ સમિટમાં ભાગ લેશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારત જઈઘ દેશો સાથે મળીને કામ કરવા માટે પ્રતિબદ્ધ છે જેથી સામાન્ય પડકારોનો ઉકેલ શોધી શકાય અને પ્રાદેશિક સહયોગ વધુ ગાઢ બને. જાપાનની મુલાકાત પછી, હું ચીનના પ્રમુખ શી જિનપિંગના આમંત્રણ પર તિયાનજિનમાં યોજાનારી જઈઘ સમિટમાં હાજરી આપીશ. ભારત જઈઘનું સક્રિય અને રચનાત્મક સભ્ય છે અને તેના કાર્યકાળ દરમિયાન, ભારતે ઈનોવેટિવ, હેલ્થ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન જેવા ક્ષેત્રોમાં નવી પહેલ કરી છે.

# ટ્રમ્પની ધમકીઓ વચ્ચે ભારતની મોટી તૈયારી! રશિયાથી પહેલા કરતાં વધુ ક્રૂડ ઓઈલ ખરીદશે

નવી દિલ્હી, તા. ૨૯: અમેરિકાની ધમકીઓની ભારત પર ખાસ અસર જોવા મળી રહી નથી. એક અહેવાલ મુજબ ભારતે સપ્ટેમ્બરમાં રશિયા પાસેથી વધુ તેલ ખરીદવાની તૈયારી કરી છે, જોકે આ અંગે સરકાર કે ભારતીય રિફાઈનરીઓ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ પણ રશિયન તેલ ખરીદવા બદલ ભારત પર દંડ લગાવ્યો હતો.

રોયટર્સ સાથેની વાતચીતમાં તેલ ખરીદી પ્રક્રિયામાં સામેલ ત્રણ સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય રિફાઈનરીઓ ઓગસ્ટની સરખામણીમાં સપ્ટેમ્બરમાં ૧૦ થી ૨૦% વધુ રશિયન તેલ



ખરીદશે. કહેવાય છે કે ખરીદી દરરોજ ૧ લાખ ૫૦ હજારથી ૩ લાખ બેરલ સુધી વધી શકે છે. અહેવાલ મુજબ, આગામી મહિને રશિયા પાસે વેચવા માટે વધુ તેલ ઉપલબ્ધ હશે. આનું કારણ એ છે કે પહેલાથી નિર્ધારિત અથવા અચાનક વિક્ષેપોને કારણે રશિયન રિફાઈનર્સની ક્રૂડ ઓઈલને ઈંધણમાં રૂપાંતરિત કરવાની ક્ષમતામાં ઘટાડો થયો છે. આ ઉપરાંત ચાલી રહેલા યુદ્ધ દરમિયાન, યુક્રેને તાજેતરના દિવસોમાં રશિયાની ૧૦ રિફાઈનરીઓ પર હુમલો કર્યો છે. આંકડા દર્શાવે છે કે આના કારણે રશિયાની તેલ રિફાઈન કરવાની ક્ષમતા ૧૭% સુધી પ્રભાવિત થઈ છે.

# રાજકોટના રસ્તાઓ ઉપર મનપાના

# ‘થૂંકના સાંધા’

## રાજમાર્ગો સાથે જોડાયેલા રસ્તાઓ પણ ભાંગીને ભૂકકો : પેવિંગ બ્લોક પણ બહાર આવી ગયા

### ■ ગૌરવપથ કાલાવડ રોડ અને ડો.યાજ્ઞિક રોડ સાથે કનેકટેડ ડામર રોડ પર ખાડાઓનો વિકાસ : શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલોવાળા માર્ગો પર દોઢ–દોઢ મહિનાથી જોખમ જેમનું તેમ

રાજકોટ, તા. ૨૯: રાજકોટમાં ચાલુ વર્ષે ધીમી ધારે વરસેલા વરસાદે પણ રાજમાર્ગોથી માંડી આવા મુખ્ય રસ્તા સાથે જોડાયેલા સંખ્યાબંધ માર્ગોની હાલત બદતર બનાવી દીધી છે. ગૌરવ પથ જેવા રસ્તા અને તેને લાગુ સંખ્યાબંધ સોસાયટી, કોમર્શિયલ વિસ્તારોના રસ્તા એવી રીતે ભાંગ્યા છે કે દોઢ દોઢ મહિનાથી હજારો વાહન ચાલકો જોખમ લઈને જાણે રસ્તા પરથી પસાર થતા હોય તેવો અનુભવ થાય છે.

શહેરના હાર્દસમા ડો.યાજ્ઞિક રોડ અનેક જગ્યાએથી ધોવાયો છે. રામકૃષ્ણનગર કોર્નર, આશ્રમવાળો ચોક, માલવીયા ચોક સહિતના રસ્તા પર મોટા ગાબડા પડયા છે. તો કાલાવડ રોડ તો મંદિરની બંને તરફ મગરની પીઠ જેવો થઇ ગયો છે. અક્ષર માર્ગ લાગુ અમીન માર્ગ, જુદી જુદી સોસાયટીઓમાંથી પસાર થતા રસ્તાઓ પર મોટા ખાડા પડયા છે. આ માર્ગો પર હોસ્પિટલ, એકેડેમી, શૈક્ષણિક સંસ્થાઓ, કોમર્શિયલ વિસ્તાર પણ વિકસેલો છે.

આ રોડ પર પડેલા ખાડા જોખમી છે. બુરવામાં આવેલા ખાડા પણ ફરી ધોવાઈ જતા પેવીંગ બ્લોક પણ બહાર આવી ગયા છે. ઝાપટા જેવા વરસાદમાં આ ખાડાઓમાં પાણી ભરાઇ જાય છે. આ સોસાયટીઓમાં સંખ્યાબંધ અધિકારીઓ અને નેતાઓ રહે છે. પરંતુ ચોમાસાનું બહાનુ આગળ ધરીને તંત્રવાહકો ખાડા બુરવાના કામનું મુહૂર્ત કયારે આવશે તે પણ કહેતા નથી.

રાજકોટમાં ગત વર્ષે નવરાત્રીમાં પણ વરસાદ ચાલુ હતો આથી આ વર્ષે ખાડા બુરવાનું કામ કયારે થશે તે નકકી નથી. નવા ખર્ચ સાથે જેટ પેચર મશીનથી ખાડા બુરવાનું કામ શરૂ કરવા ખર્ચ તો મંજૂર થઈ ગયો છે. પરંતુ આ કામ જલ્દી શરૂ થાય અને વાહન ચાલકો પરનું જોખમ ટળે તેવી રાહ લાચાર લોકો કરી રહ્યા છે. રાજકોટમાં ગત વર્ષની સરખામણીએ હજુ આ વર્ષે ચોમાસાનો અનરાધાર વરસાદ વરસ્યો નથી. પરંતુ ચાલુ વર્ષે રાજકોટના રાજમાર્ગો, નાના મોટા રોડ, નવા અને જુના રાજકોટના ટ્રાફિકથી ધમધમતા વિસ્તારો, શહેરના હાઈવે ટચ પ્રવેશદ્વારો સાથે જોડાયેલા ડામર રોડ એવી રીતે ધોવાઈ ગયા છે કે થીગડા પણ લાગી શકે તેવી હાલત નથી. ત્યારે ૪ મહિના પહેલા જ બનેલો નવો રોડ ભાંગીને ભૂક્કો થયો છે. કાલાવાડ રોડ પર આવેલી સરીતા વિહાર સોસાયટીથી ફન બ્લાસ્ટ તરફ જતા જે નવા રીંગ રોડને ટચ થાય છે તે રસ્તાની હાલત એકદમ ખરાબ થઈ ગઈ છે. ત્યાં ૧ ફૂટથી વધુના ખાડા પડી ગયા છે. અહીં રોજ બેથી ત્રણ બાઈક સ્લીપ ખાય છે. અનેક રજૂઆત છતાં તંત્રના પેટમાં પાણી હલતુ નથી. ટુ વ્હીલર ચાલકોને તો ખાડા તારવવા જતા બીજા વાહનો સાથે ભટકાવવાનું જોખમ રહે છે. દિવસમાં બે-ચાર વખત નાના-મોટા અકસ્માત થતા હોવાનું આ વિસ્તારના લોકો કહે છે. પરંતુ ખાડાનો વિકાસ ચાલુ જ છે. રાજકોટના હજારો વાહન ચાલકો જે રોડ પરથી નિયમિત અવરજવર કરે છે તે રૈયા રોડ અને કાલાવડ રોડની હાલત ખખડી ગઈ છે. રસ્તાની હાલત એટલી ખરાબ થઇ છે કે બ્રીજના કામ માટે કટારીયા ચોક હાલ બંધ કરવાનું પણ તંત્રએ માંડી વાળ્યું છે.

**જનતાના પૈસે ગાડીઓમાં ફરતા નેતા અને અધિકારીઓને ટુ વ્હીલર પર શહેરમાં ફેરવવામાં આવે તો જ જનતાની હાલાકીની ખબર પડે**



# તૂટેલા-ફૂટેલા માર્ગોમાં મારેલા થીગડા પણ ઉખડી ગયા, હવે શું ? જવાબદાર કોણ ?



તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટમાં રાજયમાં ભંગાર રોડ-રસ્તા, નબળી માળખાકીય સુવિધાઓ અને માર્ગ-અકસ્માતોને લઈને સુઓમોટો સુનાવણી થઈ હતી. જેમાં અદાલતે રાજ્ય સરકારને આ સંદર્ભે અત્યાર સુધી કયા-કયા પગલા લેવાયા છે, તેનો પ્રગતિ અહેવાલ રજૂ કરવાનું ફરમાન કર્યું હતું.

એ સુનાવણી દરમ્યાન અદાલતે કરેલી ટિપ્પણીઓ ઘણી જ મહત્ત્વપૂર્ણ હતી. જનસ્વાસ્થ્ય અને લોકોના જીવન સાથે જોડાયેલા આ મુદ્દે તત્કાળ અને પ્રભાવી કામગીરી થવી જરૂરી છે, તેવું અદાલતે ભારપૂર્વક જણાવ્યુ હતું. અદાલતે સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે હવે ટ્રાફિક નિયમન, માર્ગ સલામતિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતા પ્રશ્નો માત્ર ટેકનિકલ કે વહીવટી પ્રક્રિયાની મર્યાદામાં નહીં રહે, પરંતુ નૈતિકતા અને કાનૂની ધોરણે જવાબદારીનો વિષય બની રહ્યા છે, જે તંત્રો અને સરકારને બંધનકર્તા રહેવાના છે.

રાજયની વડી અદાલતે આ મુદ્દે સખ્ત વલણ અપનાવ્યા પછી રાજ્ય સરકાર અને તેના તંત્રો પણ હરકતમાં આવ્યા હોય તેમ જણાય છે. રાજયકક્ષાની જિલ્લાના તંત્રો સુધી રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુધારણા, રોડ સેફટીની વ્યવસ્થાઓ તથા ગુણવત્તાની ગેરંટી સાથે માર્ગ-અકસ્માતો ઘટાડવાની દિશામાં તંત્રો દોડાદોડી કરી રહ્યા હોય, તો તે અદાલતની કડક સૂચનાઓને આભારી જ ગણાય, કારણ કે અત્યાર સુધી આ તમામ મુદ્દે નિંભર તંત્રો કોઈને ય ગાંઠતા નહોતા અને ‘‘હોતી હૈ, ચલતી હૈ‘‘ જેવી માનસિકતા જ પનપી રહી હતી.

અદાલતે સરકાર પાસે ભવિષ્યની જરૂરિયાતોને લક્ષ્માં લઈને રોડ સલામતિની દીર્ઘકાલિન યોજનાઓ અંગે પણ રિપોર્ટ માંગ્યો હોય તો તે ન્યાયતંત્રના લોકલક્ષી અભિગમની સાથે સાથે શાસકો અને તંત્રોની અત્યાર સુધીની નિંભર લાપરવાહી પણ ઉજાગર કરે છે.

**જનતા ક્યાં સુધી ‘વિકાસ’ના ચશ્મા પહેરી સહન કરશે ? શાસકો અને નિંભર તંત્રના વાંકે પ્રજાને જાન માલ ગુમાવવાનો વારો**



રાજ્ય સરકાર આ મુદ્દે કોઈ પણ યોજના બનાવે કે પ્રવર્તમાન યોજનાઓમાં સુધારા-વધારા કરે, અને એનો અહેવાલ અદાલતમાં રજૂ કરે ત્યારે એવી જોગવાઈ કરવાનું ન ભૂલે કે ટેન્ડર્સ મંજુર કરાવીને જે સરકારી બાંધકામો કે માર્ગોનું નિર્માણ થાય, તેમાં નિયત સમયમર્યાદામાં નુકસાન થાય, તો તે માટે કોન્ટ્રાકટરોના ખર્ચે તેનું રીપેરીંગ કરવું જ પડે, પરંતુ જેટલું નુકસાન થયું હોય, તેટલી જ રકમનો દંડ થાય અને પબ્લિક સાથે છેતરપિંડી કરવા બદલ ફોજદારી રાહે કેસ નોંધાય અને ન્યાયિક પ્રક્રિયા પછી સજા થાય. આ ઉપરાંત આ પ્રકારના તકલાદી કામો જો એક જ વરસાદમાં ધોવાઈ જાય, તો તેની મંજુરી આપનાર-ચકાસણી કરનાર ચોક્કસ અધિકારીઓ સામે પણ ખાતાકીય ધોરણે શિક્ષાત્મક પગલા લેવાય, તેવી કડક જોગવાઈઓ થવી જોઈએ.

હવે ચોમાસા પછી નગરો-ગામોના આંતરિક માર્ગો, જિલ્લા-રાજ્ય ધોરીમાર્ગો અને નેશનલ હાઈવેમાં નવેસરથી માર્ગોનું નિર્માણ થાય કે નવીનીકરણ થાય, ત્યારે તમામ જદાબદારો સામે અત્યંત કડક પગલા લેવાની જોગવાઈ કરવાનું ભુલાવું ન જોઈએ, ભલે તે માટે એક વધુ નવો કાયદો ઉતાવળે પસાર કરાવી દેવો પડે !

નવા અને જુના રાજકોટના ટ્રાફિકથી ધમધમતા વિસ્તારો, શહેરના હાઈવે ટચ પ્રવેશદ્વારો સાથે જોડાયેલા ડામર રોડ એવી રીતે ધોવાઈ ગયા છે કે થીગડા પણ લાગી શકે તેવી હાલત નથી. ત્યારે ૪ મહિના પહેલા જ બનેલો નવો રોડ ભાંગીને ભૂક્કો થયો છે. કાલાવાડ રોડ પર આવેલી સરીતા વિહાર સોસાયટીથી ફન બ્લાસ્ટ તરફ જતા જે નવા રીંગ રોડને ટચ થાય છે તે રસ્તાની હાલત એકદમ ખરાબ થઈ ગઈ છે. ત્યાં ૧ ફૂટથી વધુના ખાડા પડી ગયા છે. અહીં રોજ બેથી ત્રણ બાઈક સ્લીપ ખાય છે. અનેક રજૂઆત છતાં તંત્રના પેટમાં પાણી હલતુ નથી. ટુ વ્હીલર ચાલકોને તો ખાડા તારવવા જતા બીજા વાહનો સાથે ભટકાવવાનું જોખમ રહે છે. દિવસમાં બે-ચાર વખત નાના-મોટા અકસ્માત થતા હોવાનું આ વિસ્તારના લોકો કહે છે. પરંતુ ખાડાનો વિકાસ ચાલુ જ છે. રાજકોટના હજારો વાહન ચાલકો જે રોડ પરથી નિયમિત અવરજવર કરે છે તે રૈયા રોડ અને કાલાવડ રોડની હાલત ખખડી ગઈ છે. રસ્તાની હાલત એટલી ખરાબ થઈ છે કે બ્રીજના કામ માટે કટારીયા ચોક હાલ બંધ કરવાનું પણ તંત્રએ માંડી વાળ્યું છે. ચૂંટાયેલા નેતા અને અધિકારીઓને જો ટુ વ્હીલર પર શહેરમાં ફેરવવામાં આવે તો જ તેઓને આ હાલતનો અનુભવ થઇ શકે તેમ છે. અરે કમ સે કમ સીટી બસમાં બેસીને એક વખત ચૂંટાયેલા લોકો અને અધિકારીઓ આવા તમામ રસ્તાઓનો રાઉન્ડ લઇ તો સામાન્ય નાગરિકની યાતનાનો ખ્યાલ આવી શકે તેમ છે. બાકી આધુનિક પધ્ધતિથી થીગડા મારવાથી દર વર્ષનો આ પ્રશ્ન ઉકેલાય તેમ નથી. એકને એક જગ્યાએ દર વર્ષે પાણી કેમ ભરાય તેવો સવાલ ખુદ મુખ્યમંત્રીએ કર્યો હતો. પરંતુ હવે રાજકોટમાં બનતા રોડનું આયુષ્ય વધશે તેવી ગેરેંટી કોઇ આપી શકતું નથી!

# કપાસ નિકાસ કરતું ભારત હવે આયાત તરફ વધ્યું



## તંત્રી લેખ

- ક્રિશ પઢારિયા

દેશના રૂ બજાર તથા ઉદ્યોગ ક્ષેત્રે તાજેતરમાં સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. ભારતમાં હાલ કોટનની  ૨૦૨૪-૨૫ની મોસમ ચાલી રહી છે આ મોસમ ઓકટોબર ૨૦૨૪માં શરૂ થઈ હતી અને હવે સપ્ટેમ્બર ૨૦૨૫ના અંતે પુરી થવાની છે. દરમિયાન, દેશમાં ૨૦૨૪-૨૫ની વર્તમાન કોટન મોસમમાં રૂની કુલ આયાત વધી આશ રે ૩૯ લાખ ગાંસડી થવાની શક્યતા કોટન એસોસીએશન ઓફ ઈન્ડિયાના સૂત્રો દર્શાવી રહ્યા હતા.  એક ગાંસડીમાં આશરે ૧૭૦ કિલો રૂ આવે છે. દેશમાં પાછલી રૂ મોસમ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂની કુલ આયાત  આશરે ૧૫ લાખ ૨૦ હજૌર ગાંસડી આવી હતી એ જોતાં વર્તમાન રૂ મોસમમાં આવી આયાત બમણાથી પણ વધુ વધશે એવા સંકેતો બજારના જાણકારો દર્શાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં રૂના ભાવ નીચા ચાલી રહ્યા છે તથા ઘરઆંગણે કોન્ટામીનન્ટથી મુક્ત કોટન માટે મિલોની માગ વધી છે એવવા માહોલમાં દેશમાં દરિયાપારથી રૂની આયાતમાં ખાસ્સી વૃદ્ધી થતાં આવી આયાત  રેકોર્ડ સપાટીએ પહોંચી ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.  આ ઉપરાંત તાજેતરમાં સરકારે રૂની આયાત માટેની ડયુટી પણ હળવી કર્યાના સમાચાર મળ્યા છે. વિશ્વવ બજારમાં પ્રવર્તતા ભાવની સરખામણીએ ભારતમાં રૂના ભાવ તાજેતરમાં ૧૦થી ૧૨ ટકા જેટલા ઉંચા રહ્યા હતા. આના પગલે ઘરઆંગણે આયાતમાં ખાસ્સી વૃદ્ધી જોવા મળી છે. દરમિયાન, ટેરીફ પ્રશ્ને ભારત તથા અમેરિકા વચ્ચે તાજેતરમાં સંબંધો તણાવપૂર્વ થયા પછી ભારત સરકારે તણાવ હળવો કરવા કોટનની આયાત ડયુટી હળવી કરવાનું નક્કી કર્યું હોવાનું  જાણકારો જણાવી રહ્યા હતા. ૧૯ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બરના ગાળા માટે આવી ડયુટી  હળવી કરવામાં આવી છે. આના પગલે અમેરિકાના રૂના નિકાસકારોને ભારત તરફ નિકાસ વધારવા માટે તક ઊભી થશે એવી ગણતરી બજારના સૂત્રો બતાવી રહ્યા હતા.  દેશમાં હવે આના પગલે રૂના ભાવ નીચા આવશે એવી આશા વચ્ચે કોટન યાર્ન, સુતર બજાર તથા ટેક્સટાઈલ બજાર અને ઉદ્યોગ જગતમાં રાહત સર્જાયાની આશા પણ જાણકારો દર્શાવી રહ્યા હતા. અમેરિકાએ ભારતથી આયાત થતા માલો પર ૫૦ ટકા ટેરીફના નિર્દેશો આપ્યા છે તેવા સંજોગોમાં ઘરઆંગણે રૂની આયાત સસ્તી થતાં ગારમેન્ટ્ તથા ટેક્સટાઈલ ઉદ્યોગમાં રાહત સર્જાશે એવી ગણતરી બજારમાં બતાવાઈ રહી હતી. દેશમાં આ પૂર્વે રૂની આયાત પર ૧૧ ટકા ડયુટી લાગતી હતી તે હવે દૂર કરાઈ છે. આ રાહત ૩૦મી સપ્ટેમ્બર સુધી આપવામાં આવી છે.

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આ પૂર્વે કોટનની આયાત જકાત દૂર કરવા સરકારને માગ કરી હતી અને હવે સરકારે આ પ્રશ્ને હકારાત્મક પ્રતિસાદ૦ આપ્યો છે.  દરમિયાન, અમેરિકાનું વેપાર પ્રતિનિધિમંડળ ૨૫ ઓગસ્ટ દરમિયાન ભારતની મુલાકાતે આવવાનું હતું પરંતુ છેલ્લા સમાચાર મુજબ આ મુલાકાત પાછી ઠેલાઈ છે. ભારતથી અમેરિકા ખાતે નિકાસ થતી ટેક્સટાઈલ ચીજો પર આ પૂર્વે શુન્યથી કરીને પાંચ ટકા ટેરીફ અમેરિકામાં રહેતી હતી તથા અમુક ટેક્સટાઈલ ચીજો પર આવી ટેરીફ ૯થી ૧૩ ટકા રહેતી હતી. હવે આવી ટેરીફ ટ્રમ્પ સરકાર દ્વારા વધારીને  ૫૦ ટકા કરી દેવામાં આવી છે. અમેરિકાએ  ભારત પર ટેરીફ વધારતા ખાસ કરીને બાંગલાદેશ તથા



વિયેતનામ ખાતેથી રૂની ડયુટી ફ્રી આયાતને મંજૂરી આપી છે. જો કે આવી આયાત સરકાર દ્વારા નક્કી કરાતા ક્વોટા પર આધારીત રહી છે.  ભારતમાં ૨૦૨૪-૨૫નાં નાણાંવર્ષમાં માર્ચના અંતે પુરા થયેલા નાણાંવર્ષમાં કોટનની આયાત વધી ૧ અબજ ૨૦ કરોડ જેટલી થઈ છે જે પાછલા નાણાંવર્ષમાં આશરે ૫૭થી ૫૮ લાખ કરોડ ડોલરની થઈ હતી. દેશમાં આવી આયાત ઓસ્ટ્રેલિયાથી ૨૫થી ૨૬ કરોડ ડોલરની જ્યારે અમેરિકા ખાતેથી ૨૩થી ૨૪ કરોડ ડોલરની થઈ હતી. બ્રાઝીલથી આવી આયાત આશરે ૧૮થી ૧૯ કરોડ ગાંસડી જ્યારે ઈજીપ્તથી આવી આયાત આશરે ૧૧થી ૧૨ કરોડ ડોલરની થઈ હતી. તહેવારોની મોસમ પહેલા સ્થાનિક કાપડ ઉદ્યોગ માટે પુરવઠો વધારવાના હેતુથી, તણાવપૂર્ણ વેપાર સંબંધોના સમયે વોશિંગ્ટન તરફ એક માપાંકિત સંકેત તરીકે પણ જોવામાં આવી રહ્યો છે. અમેરિકા સૌથી વધુ આયાતી કપાસની જાતનો મુખ્ય સપ્લાયર છે. અમેરિકન નિકાસકારો માટે, આ પગલું સીધું ખુલ્લું મુકે છે. નાણાકીય વર્ષ ૨૫ માં ભારતની ૧.૨ બિલિયન કપાસની લગભગ બધી આયાત ફાઈબર સ્ટેપલ લંબાઈ ૨૮ મીમી કે તેથી વધુની હતી, એક એવો સેગમેન્ટ જ્યાં યુએસ અગ્રણી સપ્લાયર છે.

ભારતમાં કપાસનું ઉત્પાદન નાણાકીય વર્ષ ૨૩ માં આશરે ૩૩.૭ મિલિયન ગાંસડીથી ઘટીને નાણાકીય વર્ષ ૨૫ માં અંદાજિત ૩૦.૭ મિલિયન ગાંસડી થઈ રહ્યું છે, જેના કારણે મિલોને આયાત વધારવાની ફરજ પડી રહી છે. ઉદ્યોગ સંગઠનો ચેતવણી આપી રહ્યા હતા કે પુરવઠામાં ઘટાડો યાર્ન અને કપડાના ખર્ચમાં વધારો કરી શકે છે, જે નિકાસ સ્પર્ધાત્મકતાને જોખમમાં મૂકે છે. લગભગ ૩૫ મિલિયન લોકો કપાસ મૂલ્ય શૃંખલા પર નિર્ભર છે અને ભારતના કાપડ નિકાસમાં કાપડનો હિસ્સો લગભગ ૮૦% છે, સરકારને આશા છે કે ડ્યુટી રાહત કાચા માલના ભાવમાં ઘટાડો કરશે. દેશમાં ૨૦૨૨-૨૩માં  કોટનની ઈમ્પોર્ટ ૩૧ લાખ ગાંસડી થઈ હતી.તથા એ વખતે દેશના રૂ બજારમાં ભાવ વધી ખાંડીના ૧ લાખ રૂપિયાને આંબી ગયા હતા.  આ વર્ષે ઓકટોબર, નવેમ્બર તથા ડિસેમ્બર ડિલીવરી માટે પણ દેશમાં રૂની આયાતના સોદા થયા છે. આ વર્ષે જુલાઈ અંત સુધીમાં રૂની આયાત વધી ૩૩ લાખ ગાંસડી થઈ ગઈ છે.

# રાજકોટમાં વિદેશી નાગરિકો અને સ્થાનિકો વચ્ચે બબાલ

■ ત્રંબામાં ઘર્ષણ સર્જાતા પોલીસ દોડી, વિદેશીઓએ ગુજરાતી ભાષામાં ગાળાગાળી કરી





રાજકોટ, તા. ૨૯: રાજકોટના ત્રંબા ગામમાં ગતરાત્રિએ વિદેશી નાગરિકો અને સ્થાનિક વચ્ચે મકાન ખાલી કરવા બાબતે ઘર્ષણ સર્જાતા પોલીસ દોડી ગઈ હતી. ઘર્ષણના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જેમાં બંને પક્ષના લોક ગાળાગાળી કરતા જોવા મળી રહ્યા છે. મધરાત્રે થયેલા ઘર્ષણ બાદ પોલીસ બંને પક્ષના લોકોને આજીડેમ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં બંને પક્ષો વચ્ચે સમાધાન થતા ફરિયાદ નોંધાઈ ન હતી.

પ્રાપ્ત વિગત મુજબ આફ્રિકન દેશોમાંથી અભ્યાસ અર્થે આવેલા વિદ્યાર્થીઓ રાજકોટના ભાવનગર હાઈવે પર ત્રંબા ગામે રહે છે. મોરબી રોડ પર થયેલ વિદેશી નાગરિકોની બબાલ બાદ ત્રંબા ગામના લોકોએ પણ વિદેશી નાગરિકોને મકાન ખાલી કરાવવા બાબતે નિર્ણય કર્યો હતો. દરમિયાન મકાન ખાલી કરવાનુ કહેતા વિદેશી નાગરિકો અને સ્થાનિક લોકો વચ્ચે બોલાચાલી બબાલ થઈ હતી.

આ પછી રાત્રીના ૩ વાગ્યા આસપાસ ગામના લોકો તેમજ વિદેશી નાગરિકો ત્રંબા ગામ નજીક હાઈવે પર હોટલ ખાતે ઉભા રહ્યા હતા અને ભેગા થયા હતા દરમિયાન બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ થઈ હતી જેમાં ઉગ્ર બોલાચાલી થતા કોઈ વ્યક્તિએ પોલીસને જાણ કરતા પોલીસ વાન ઘટના સ્થળે દોડી ગઈ હતી અને બન્ને પક્ષના લોકોને આજી ડેમ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી જો કે બન્ને વચ્ચે સમાધાન થઈ જતા પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

# રાજકોટ પોલીસ દ્વારા વિદેશી નાગરિકો અંગે સર્ચ ચોથા દિવસે પણ યથાવત

## વધુ એક મહિલા બિઝનેસ વિઝા પર ભારતમાં આવી એક વર્ષ કરતા વધુ સમયથી વિઝા રીન્યુ ન કરાવી ગેરકાયદે રહેતી ઝડપાઈ

રાજકોટ, તા. ૨૯: રાજકોટ શહેર પોલીસ દ્વારા આજે સતત ચોથા દિવસે વિદેશી નાગરિકો અંગે સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું હતું જેમાં આજે વધુ એક વિદેશી મહિલા છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી વિઝા રીન્યુ ન કરાવી ગેરકાયદેસર રહેતી હોવાનું સામે આવ્યું છે, જેને ડિટેઈન કરી સ્પેશિયલ શાખામાં રિપોર્ટ કરી તેમને ડિપોર્ટ માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સોમવારથી શરૂ થયેલ ડ્રાઈવમાં મોરબી રોડ પર આવેલ રતનપર, હડાળા, ગૌરીદળ અને જામનગર રોડ પર ઘંટેશ્વર વિસ્તારમાં વિદેશી નાગરિકો અંગે સર્ચ કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૫ મહિલા બિઝનેસ વિઝા પર જ્યારે ૨ પુરુષ સ્ટુડન્ટ વિઝા પર ભારતમાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. તે બંનેને યુનિવર્સિટી દ્વારા એક વર્ષ પહેલા જ યુનિવર્સિટીમાંથી ટર્મિનેટ કરી દેવામાં આવ્યા હતા, જે તમામના વિઝા એક વર્ષ કરતા વધુ સમયથી પૂર્ણ થઈ ગયા હતા. ઉલ્લેખનિય છે કે, યુનિવર્સિટીમાંથી ટર્મિનેટ કરતા સમયે પોલીસને જાણ કેમ ન કરાઈ તે અંગે યુનિવર્સિટીને પણ સવાલ પૂછવો જરૂરી બને છે.

રાજકોટ શહેર જ્યઋ તેમજ ક્રાઈમ બ્રાન્ચ અને લોકલ પોલીસ સ્ટેશનની અલગ-અલગ ૬ ટીમો બનાવી સોમવારે મોરબી રોડ પર રતનપર, હડાળા, ગૌરીદળ અને જામનગર રોડ પર ઘંટેશ્વર વિસ્તારમાં સર્ચ કરી વિદેશી નાગરિકો અંગે તપાસ કરવામાં આવી હતી, જેમાં ૨૦૦થી વધુ વિદેશી નાગરિકોને સર્ચ કરી તેમના




પાસપોર્ટ અને વિઝાની ચકાસણી કરવામાં આવી હતી તેમજ તેઓ કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે કે કેમ તદુપરાંત પ્રતિબંધિત વસ્તુઓ સાથે રાખે છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી હતી. બીજા દિવસથી આ ડ્રાઈવ સાથે સર્ચ ચાલુ રાખી ચેકિંગ કરી તપાસ જ્યઋ ટીમ દ્વારા કરવામાં આવી રહી હતી. આજે ચોથા દિવસે પણ આ ડ્રાઈવ ચાલુ રહી હતી, જેમાં વધુ એક વિદેશી મહિલા ગેરકાયદે રહેતી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આજે ચોથા દિવસના સર્ચ દરમિયાન રાજકોટના રૈયા રોડ પરથી સાધુવાસવાણી રોડ જવા તરફ રસ્તામાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જે દરમિયાન વધુ એક મહિલા કે જે બિઝનેસ વિઝા પર ભારતમાં આવી હોવાનું અને છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી વિઝા રીન્યુ ન કરાવી ગેરકાયદે રહેતી હતી. આ મહિલા મૂળ કેન્યાની નાગરિક હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે, જેને ડિટેઈન કરી સ્પેશિયલ શાખાને જાણ કરવામાં આવી છે. આગળ સ્પેશિયલ શાખા દ્વારા તમામ ૮ વિદેશી નાગરિકોને ડિપોર્ટ કરવા અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

રાજકોટ-મોરબી રોડ પર રતનપર ગામ નજીક વિદેશી વિદ્યાર્થીઓ ગેરકાયદે પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોવાની વારંવાર મળતી ગ્રામજનોની ફરિયાદને ધ્યાનમાં રાખી રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ અને જ્યઋએ સર્ચ કર્યું હતું. પોલીસની અલગ-અલગ ૬ ટીમો બનાવી ગઈઈને સાથે રાખી સર્ચ કરવામાં આવ્યું હતું. જેમાં શંકાસ્પદ વ્યક્તિને પોલીસ સ્ટેશન લાવી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. સોમવારે ૫ વિદેશી નાગરિકો વિઝા પૂર્ણ થઈ ગયા હોવા છતાં અહીંયા ગેરકાયદેસર રહેતા હોવાનું સામે આવ્યું હતું, જેમાં યુગાન્ડાના ચાર અને એક સાઉથ સુડાનના નાગરિકનો સમાવેશ થાય છે. યુગાન્ડાથી આવેલી ચાર મહિલા નાનફુકા સોફી, નામૂનો ઝૈનાબુ, નાકાનવાગી કેરોલીન અને નાકાબુગો ગ્રેસ બિઝનેસ વિઝા પર ભારતમાં આવ્યા હતા, જયારે જોસેફ અલ્બર્ટો નામનો વ્યક્તિ સાઉથ સુડાનથી અહીંયા સ્ટુડન્ટ વિઝા પર આવ્યો હોવાનું સામે આવ્યું છે જેમને એક વર્ષ કરતા વધુ સમય થયો છતાં વિઝા રીન્યુ કરાવ્યા ન હોવાનું સામે આવતા તેમને ડિપોર્ટ કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવશે.

# ધ્રાંગધ્રાનું ૨૦૦ વર્ષ જૂનું એકદંત ગણપતિ મંદિરઃ જ્યાં બિરાજે છે સીધી સૂંઢ અને સર્પની જનોઈવાળા ગણેશજી

ધ્રાંગધ્રા, તા. ૨૯ઃ ભાદરવા સુદ ચોથના દિવસથી દેશભરમાં ગણપતિ દાદાની સ્થાપના સાથે ગણેશોત્સવની ઉજવણી શરૂ થઈ છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રામાં આવેલું એકદંત ગણપતિનું મંદિર વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ મંદિરનો મહિમા અનોખો છે, કારણ કે અહીં બિરાજમાન ગણેશજીની પ્રતિમા ભારતભરમાં માત્ર બે જ જગ્યાએ જોવા મળે છે. જેમાં એક ધ્રાંગધ્રામાં અને બીજી દક્ષિણ ભારતમાં ગોલકોંડા ખાતે છે.

આ મંદિરની સૌથી મોટી વિશેષતા અહીંની ગણેશજીની મૂર્તિ છે. આ મૂર્તિ સીધી સૂંઢ ધરાવે છે અને એકદંત છે. આ ઉપરાંત, દાદાએ ગળામાં સર્પની જનોઈ ધારણ કરેલી છે. આ વિશાળ મૂર્તિ પોતાના સંપૂર્ણ પરિવાર સાથે અહીં બિરાજમાન છે, જે દર્શનાર્થીઓને શાંતિ અને આસ્થાનો અનુભવ કરાવે છે.

આ મંદિરનો ઈતિહાસ લગભગ ૨૦૦ વર્ષ કરતાં પણ જૂનો છે. તેનું નિર્માણ ધ્રાંગધ્રા સ્ટેટના તત્કાલીન રાજા રણમલસિંહજી દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારથી આ મંદિર સ્થાનિકો માટે આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. આજે પણ લોકો અહીં શ્રદ્ધાપૂર્વક બાધા રાખે છે અને પગપાળા ચાલીને દર્શન કરવા આવે છે.




ભાદરવા સુદ ચોથ અને વૈશાખ સુદ ચોથના દિવસે આ મંદિરમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. આજના દિવસે ખાસ કરીને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે, જેમાં ભક્તો ગોળ અને લાડુનો પ્રસાદ ધરાવે છે. વહેલી સવારથી મોડી રાત સુધી ભક્તોની ભીડ જોવા મળે છે, જે આ મંદિર પ્રત્યેની તેમની ઊંડી શ્રદ્ધા દર્શાવે છે. અહીં થતો હવન પણ શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

# થાનગઢમાં રોડના ડખ્ખામાં ભાજપ નેતાની હત્યાનો પ્રયાસ

- **આંબેડકરનગરમાં જ રહેતા ઉદય અને કેતન ઉર્ફે ભાણો તથા દેવજી અને તેની સાથેના માણસોએ ઝઘડો કરી જીવલેણ હુમલો કર્યો, આરોપીઓને પકડવા પોલીસમાં દોડધામ**

રાજકોટ, તા.૨૯ઃ થાનગઢમાં રોડના ડખ્ખામાં ભાજપ નેતાની હત્યાનો પ્રયાસ થયો છે. મારાં ઘર સુધી રોડ કેમ ન બનાવ્યો? તેમ કહીં ભાજપ કોર્પોરેટર લીલાબેન ચાવડાના પુત્ર જેન્તીભાઈને છરીના ઘા ઝીંકાયા હતા. તેમને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આંબેડકરનગરમાં જ રહેતા ઉદય અને કેતન ઉર્ફે ભાણો તથા દેવજી અને તેની સાથેના માણસોએ ઝઘડો કરી જીવલેણ હુમલો કર્યો હતો. આરોપીઓને પકડવા પોલીસમાં દોડધામ થઈ ગઈ છે.



આ અંગે મળતી વિગત અનુસાર, જેન્તીભાઈ રામજીભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૩૫, રહે. આંબેડકરનગર શેરી નંબર ૩, થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગર) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યા આસપાસ પોતે પોતાના ઘર પાસે હતા ત્યારે સામેવાળા ઉદય અને કેતન ઉર્ફે ભાણો તથા દેવજી અને તેની સાથેના માણસો ધસી આવ્યા હતા.

ઝઘડો કરી છરીના ઘા જેન્તીભાઈને પેટના ભાગે મારી દીધા હતા. લોહી લુહાણ હાલતમાં જેન્તીભાઈને પ્રથમ થાનગઢ હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ડોક્ટરે તેમની હાલત ગંભીર જણાવી હતી. અહીં તત્કાલ તેનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

પરિવારજનોએ જણાવ્યું કે, જેન્તીભાઈ પોતે ભાજપના યુવા આગેવાન છે, તેમના માતા લીલાબેન ચાવડા ભાજપમાંથી ચૂંટાયેલા કોર્પોરેટર છે. બનાવનું કારણ એવું છે કે, તાજેતરમાં થાનગઢ નગરપાલિકા દ્વારા આંબેડકર નગર વિસ્તારમાં નવો રોડ મંજૂર કરવામાં આવ્યો છે. રોડ ક્યાંથી ક્યાં સુધી બનાવવામાં આવશે તે નક્કી કરી તે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જોકે સામેવાળા આરોપીઓ દ્વારા એવો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો કે, કોર્પોરેટરના ઘર સુધી જ રોડ બન્યો છે. આરોપીઓના ઘર સુધી રોડ બન્યો નહોતો. આ બાબતે ડખ્ખો થયો હતો. અને બાદમાં કોર્પોરેટરના પુત્ર ઉપર છરી વડે જીવલેણ હુમલો થયો હતો. આ બનાવ બનતાની સાથે જ થાનગઢ પોલીસ દોડી ગઈ હતી. આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરાયા હતા. આ તરફ જેન્તીભાઈની હાલત ગંભીર હોય પરિવારજનોમાં ચિંતા વ્યાપી ગઈ હતી.

# અમીરગઢના વિશ્વેશ્વર મંદિરમાં મહિલાઓના બાથરૂમમાં સ્ત્રીના વેશમાં પુરુષ ઝડપાયો

## ગુસ્સે ભરાયેલી મહિલાઓએ મેથીપાક ચખાડ્યો

બનાસકાંઠા, તા. ૨૯: અમીરગઢના વિશ્વેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સમપાંચમના દિવસે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બનાસનદીમાં સ્નાન કર્યા બાદ મહિલાઓ મંદિર પરિસરના બાથરૂમમાં કપડાં બદલાવતી હોય છે ત્યાં બાથરૂમમાં સ્ત્રીના વેશમાં પુરુષ ઝડપાયો હતો. મહિલાઓ સહિત લોકોએ તેને ઝડપી મેથીપાક ચખાડી પોલીસના હવાલે કર્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ બનાસ નદીમાં સ્નાન કરવા આવેલી હજારો મહિલાઓની ભીડમાં એક શખસ મહિલાના વેશમાં પ્રવેશ્યો હતો. મહિલાઓ સ્નાન કરીને જ્યારે મંદિર પરિસરના બાથરૂમમાં કપડાં બદલવા જઈ રહી હતી ત્યારે આ શખસ મહિલાઓના બાથરૂમમાં ઘૂસવાનો પ્રયાસ કરતો પકડાયો હતો. મંદિર પરિસરમાં ભીડનો લાભ લઈને તે મહિલાઓના બાથરૂમમાં પ્રવેશ કરી રહ્યો હતો.





સતર્ક મહિલાઓએ આ શખસને ઓળખી કાઢ્યો હતો અને તેની અસલી ઓળખ સામે આવી હતી. ગુસ્સે ભરાયેલી મહિલાઓએ તેને પકડીને મેથીપાક ચખાડ્યો હતો. ત્યાર બાદ લોકોએ તેને અમીરગઢ પોલીસને સોંપી દીધો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. અમીરગઢ પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

અમીરગઢના ડ્ઈ એસકે પરમારે જણાવ્યું હતું કે વિશ્વેશ્વર મહાદેવ મંદિરમાં હજારો શ્રદ્ધાળુઓ આવતા હોય છે. બનાસનદીમાં સ્નાન કરવા જતા હોય છે, જે બાદ મંદિર પરિસરમાં આવેલા બાથરૂમમાં કપડાં બદલતાં હોય છે. ત્યાં એક પુરૂષ સ્ત્રીનાં વસ્ત્રો પહેરી બાથરૂમમાં પ્રવેશ કર્યો હતો, જેથી ત્યાંની મહિલાઓને શંકા જતાં પોલીસને જાણ કરી હતી, જેથી પોલીસે આરોપીને પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોર્પોરેશન સ્કૂલના શિક્ષકો પણ હવે ચાલુ નોકરીએ મૃત્યુ પામે તો પરિવારને મળશે ૧૪ લાખની સહાય

ગાંધીનગર, તા. ૨૯: ચાલુ નોકરીએ મૃત્યુના કેસમાં પરિવારને નાણાકીય સહાય આપવાના રાજ્ય સરકારના ૨૦૧૧ના ઠરાવનો અમલ વર્ગ ૩ અને ૪ સહિતના કાયમથી માંડી ફિક્સ પગારના કર્મચારીઓને પણ મળતો હતો. પરંતુ કોર્પોરેશનની સ્કૂલોના શિક્ષકોને લાભઆપવામા આવતો ન હતો. જેને લઈને ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘથી માંડી અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અનેકવાર સરકારને રજૂઆતો કરાઈ હતી અને આ મુદ્દે લડત ચલાવાઈ હતી. જેને પગલે સરકારે રાજ્યની મહાનગર પાલિકાઓ દ્વારા સંચાલિત સરકારી સ્કૂલોના શિક્ષકોના પરિવારને ચાલુ નોકરીએ મૃત્યુના કેસમાં ૧૪ લાખ રૂપિયા સહાય આપવાનો ઠરાવ કરી દીધો છે.

સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા ૨૦૧૧માં ઠરાવ બહાર પાડીને ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચ નાણાકીય સહાયની યોજના લાગુ કરવામા આવી હતી.



ત્યારબાદ ૨૦૧૬માં ઠરાવ કરીને સહાયમાં વધારો કરાયો હતો. ૨૦૧૭માં સરકારે ફરી એક ઠરાવ કરીને વર્ગ ૩ અને ૪ના કરાર આધારીત ફિક્સ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને પણ નાણાકીય સહાય આપવા નીતિ દાખલ કરી હતી. ત્યારબાદ ૨૦૨૦માં વધુ એક ઠરાવ કરીને સહાય વધારો કરાયો હતો અને છેલ્લે ૨૦૨૨ અને ૨૦૨૩માં કાયમી તેમજ કરાર આધારીત કર્મચારીઓને ચાલુ નોકરીએ મૃત્યુના કેસમાં પરિવારને અપાતી સહાયમાં વધારા માટેનો ઠરાવ કરાયો હતો. જેમાં સહાય વધારીને ૧૪ લાખ રૂપિયા કરાઈ હતી. રાજ્યમાં આવેલી મહાનગરપાલિકાઓ હેઠળ નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકોને પણ મૃત્યુના કેસમાં પરિવારને લાભ આપવા માટે ગુજરાત રાજ્ય નગર પ્રા.શિ.સંઘ તેમજ સૌથી વધુ સ્કૂલો જ્યાં છે તે અમદાવાદના નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સરકારને અનેકવાર રજૂઆત કરાઈ હતી. છેલ્લા ૧૩ વર્ષથી આ મુદ્દે લડત ચાલતી હતી, ત્યારે સરકારે અંતે કોર્પોરેશન સ્કૂલોના શિક્ષકોને પણ ચાલુ નોકરીએ મૃત્યુના કેસમાં પરિવારને સહાય આપવાનું ઠરાવ્યુ છે. જેમાં ૨૦૧૧ બાદ મૃત્યુ પામ્યા હોય તેવા અગાઉ ૨૨૩ મૃતક શિક્ષકોના પરિવારને પણ લાભ મળશે, પરંતુ તેઓને જે તે વર્ષના ઠરાવ મુજબ ૪ લાખ કે ૧૦ લાખ રૂપિયાની સહાય મળશે. જ્યારે તાજેતરના નવા ઠરાવ બાદ ચાલુ નોકરીએ જો કોઈ પણ કોર્પોરેશન સ્કૂલ શિક્ષક મૃત્યુ પામે તો હવે પરિવારને ૧૪ લાખ રૂપિયા સહાય અપાશે. હાલ રાજ્યની ૮ મહાનગર પાલિકાઓ સંચાલિત સરકારી સ્કૂલોમાં ૧૨૪૦૦થી વધુ શિક્ષકો ફરજ બજાવે છે.

સત્ય સમર્પણ NEWS
SURAT CITY

# અડાજણના અસલી પીઆઈએ ડમી પીઆઈ રાખતા પો.કમિ.એ તાત્કાલિક બદલી કરી દીધી

સુરત, તા. ૨૯: પોલીસ મથકોમાં વહીવટ સંભાળતા કેશિયરો દ્વારા કેટલાંક કામો માટે ખાનગી વ્યક્તિઓ રાખવામાં આવતા હોવાની વાત સર્વવિદિત છે, પણ શું કોઈ પીઆઇ પોતાનાં કામો માટે કોઈ ખાનગી વ્યક્તિને ડમી પીઆઇ તરીકે રાખતો હોય એવું સાંભળ્યું છે ખરું? જો કે, આવું જ કંઈક અડાજણ પોલીસ મથકમાં જોવા મળ્યું. પીઆઇ સોલંકી દ્વારા એક ખાનગી વ્યક્તિને ડમી પીઆઇ બનાવી દેવાયો હતો. જે સ્ટાફથી માંડીને આરોપીઓ અને ફરિયાદ માટે આવતા લોકો પર પીઆઇ તરીકે રૂઆબ ઝાડતો હતો. જે બાબતની ગંભીર ફરિયાદો આખરે પોલીસ કમિશનર સુધી થતાં મંગળવારે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા અડાજણ પીઆઇ સોલંકીની તાત્કાલિક અસરથી બદલી કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે અને આ સમગ્ર પ્રકરણ હાલ પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે.



પોલીસ વિભાગમાં ચર્ચાસ્પદ બનેલા આ કિસ્સા અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અડાજણ પીઆઇ સોલંકી દ્વારા પોતાના એક અંગત એવા ખાનગી વ્યક્તિને ડમી પીઆઇ બનાવી દેવામાં આવ્યો હતો. એટલું જ નહીં પણ આ ખાનગી વ્યક્તિ પીઆઇ સોલંકીની ચેમ્બરમાં તેમની બાજુમાં જ ખુરશી નાંખીને બેસતો હતો. પોલીસ મથકોમાં જે પણ અરજીઓ આવતી તે અરજી પણ પીઆઇ સોલંકી નહીં, પણ આ ડમી પીઆઇ જોતો હતો અને આગળની કાર્યવાહી કહો કે વહીવટ તમામ બાબતો અંગે નિર્ણય લેતો હતો. એટલું જ નહીં પીઆઇએ જે રોલ કોલની મહત્ત્વની કામગીરી કરવાની હોય છે તે રોલ કોલની કામગીરી પણ આ ડમી પીઆઇ કરતો હોવાનું જાણવા મળ્યું છે. સાથે જ આ ડમી પીઆઇ આરોપીને ધોલધપાટ કરવાની સાથે જ સ્ટાફ અને પોલીસ મથકે આવનારા નાગરિકો સામે પણ પીઆઈની જેમ જ રૂઆબ ઝાડતો હતો.

આખરે પીઆઇ સોલંકી દ્વારા રાખવામાં આવેલા ડમી પીઆઇ અંગે પોલીસ કમિશનર સુધી ગંભીર ફરિયાદો થતાં પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત હરકતમાં આવ્યા હતા અને આ ગંભીર ફરિયાદો બાબતે પ્રાથમિક તપાસ બાદ મંગળવારે પીઆઇ સોલંકીની તાત્કાલિક અસરથી બદલીનો ઓર્ડર જારી કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, પીઆઇ જેવા અધિકારી દ્વારા આ રીતે કોઈ ખાનગી વ્યક્તિને પોતાનાં કામો માટે ડમી પીઆઇ બનાવીને રાખ્યો હોય એવી આ પહેલી જ ઘટના સામે આવી છે. ત્યારે આ સમગ્ર મામલો સુરત શહેર પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે. એટલું જ નહીં આ મામલે વધુ તપાસ બાદ પીઆઇ સોલંકી સામે વધુ આકરાં પગલાં લેવાની આશંકા પણ સેવવામાં આવી રહી છે. ત્યારે આગળ પીઆઇ સોલંકી સામે શું કાર્યવાહી થાય છે અને આ ડમી પીઆઇને હાથો બનાવી પીઆઇ સોલંકીએ કેવા કેવા ખેલ કર્યા હશે તે બહાર આવે છે કે નહીં તેના પર સૌની નજર મંડાયેલી છે.

## ભાઠેના બ્રિજ પર કોલસા ભરેલું ડમ્પર પલ્ટી ખાતા ટ્રાફિક જામ



સુરત, તા. ૨૯: સુરત શહેરમાં ટ્રાફિક પોલીસની દરિયાદિલીને પગલે માતેલા સાંઢની જેમ દોડતાં ટ્રકો અને ડમ્પરોને પગલે છાશવારે ગમખ્વાર અકસ્માતો નોંધાતા હોય છે. પ્રતિબંધિત સમયમાં પણ બેફામ દોડતાં આ ટ્રક અને ડમ્પરોને પગલે ખાસ કરીને ટુ વ્હીલર ચાલકોના માથે મોતનું જોખમ ઉભું થતું હોય છે ત્યારે આજે વધુ એક ડમ્પરનાં અકસ્માતને પગલે પીક અવર્સમાં વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભાઠેના બ્રિજ પાસે સર્જાયેલા અકસ્માતને પગલે કલાકો સુધી ટ્રાફિકજામનાં દ્રશ્યો વચ્ચે ટ્રાફિક પોલીસનાં જવાનો પણ દોડતા થઈ ગયા હતા. સ્માર્ટ સિટી સુરતમાં ટ્રાફિક પોલીસની ધરાર લાપરવાહીને પગલે શહેરનાં છાશવારે ભારે વાહનોને કારણે નિર્દોષ વાહન ચાલકો અકસ્માતનાં ભોગ બની રહ્યા છે. હાલમાં જ રાહુલરાજ મોલ પાસે બાઈક પર પસાર થઈ રહેલ એક યુવકનું હોટમિક્સ ટેન્કરનાં અડફેટે મોત નિપજયું હતું. આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

## કતારગામમાં યુવકે BRTS રૂટમાં બુલેટ ચલાવી બસચાલક સાથે દાદાગીરી કરી

સુરત, તા. ૨૯: સુરતના કતારગામ વિસ્તારમાં BRTS રૂટ પર એક બાઈક ચાલકે રોંગ સાઈડમાં વાહન હંકારીને દાદાગીરી કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. ચોરી ઉપર સીના જોરી કરવામાં આવી રહી હોય તે પ્રકારનો આ વીડિયો છે. રોયલ એનફિલ્ડ બુલેટ લઈને બીઆરટીએસ રૂટમાં રોંગ સાઈડમાં ઘૂસેલા બાઈક ચાલેકે પોતે રોંગમાં હોવા છતાં પણ બીઆરટીએસ બસના ચાલક પર દાદાગીરી કરી હતી.



વાઈરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, એક બુલેટ બાઈક ચાલક BRTSના રૂટ પર રોંગ સાઈડમાં આવી રહ્યો છે. જ્યારે સામેથી આવી રહેલી બીઆરટીએસ બસને ઊભી રાખી ડ્રાઈવર સાથે બોલાચાલી પર ઉતરી આવ્યો હતો. વીડિયો બનાવતા ડ્રાઈવરને તે યુવક ઉદ્ધતપણે કહી રહ્યો છે કે, હું રોંગ સાઈડ આવ્યો તો શું થયું, તું શું કરી લઈશ? તમે બસને ધીમે નથી ચલાવતા. લોકો મરી જાય તેનું પણ તમે ધ્યાન નથી રાખતા.

આ ઘટના 'ચોરી ઉપરથી સીનાજોરી' જેવી છે, જ્યાં એક તરફ નિયમનો ભંગ કરવામાં આવ્યો છે અને બીજી તરફ ભૂલ સ્વીકારવાને બદલે ઈછ્છાજના ડ્રાઈવર સાથે ગેરવર્તણૂક કરવામાં આવી રહી છે. આ સાથે જ બુલેટચાલકે પોતે હેલ્મેટ નહોંતું પહેર્યું પણ બસાચલકને સ્પીડમાં ન ચલાવવાની સલાહ આપી રહ્યો હતો.

આ મામલે સુરતના મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, બીઆરટીએસ રૂટમાં રોંગ સાઈડમાં એક બાઈકચાલક આવે છે અને અકસ્માત થતા એ બચી ગયો છે, છતાં પણ ડ્રાઈવર જ્યારે તેમને કહે છે કે, રોડ પર આવી રીતે ન આવો. ત્યારે તેની સાથે દાદાગીરી કરી રહ્યો છે તેવું વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે.

# ગોંડલના ધરાળા ગામે જુના મનદુઃખમાં સશસ્ત્ર મારામારી

રાજકોટ. તા.૨૯: જુના મનદુઃખમાં ગોંડલના ધરાળા ગામે સશસ્ત્ર સામસામી મારામારી થતાં બે લોકો ગંભીર રીતે ઘવાયા હતાં. ફરીયાદમાં સાક્ષી અને સરકારી કવાર્ટર મામલે બે જૂથ અથડાયા હતાં અને ધોકા, લાકડી, ધારીયાથી હુમલો થયો હતો. ઈજાગ્રસ્તોને રાજકોટ, અમરેલી ખસેડાયા હતાં. જે મામલે સુલતાનપુર પોલીસે મહિલા સહિત સાત શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે ગોંડલના ધરાળા ગામે રહેતાં ભાવેશભાઈ અરવિંદભાઈ બગડા (ઉ.વ.30) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આશિષ ઉર્ફે હેમાંશુ વસંત ચાવડા, ભાનુબેન વસંત ચાવડા વિશાલ મનુ મારુ, વસંત ભુરા ચાવડા અને વિનોદ ભુરા ચાવડાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ દેરડીમાં આવેલ યુનીયન બેંકના એટીએમ ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેના માતા-પિતાના છૂટાછેડા થતાં તે તેમના માતા તથા નાની સાથે મામાના ગામ ધરાળા ગામે રહે છે.

ગઈ તા. ૨૭ના સાંજના સમયે તે એકલો બાઈક લઈ ગામમા દુકાને દુધ લેવા માટે જતો હતો ત્યારે રસ્તામા રામાપીરના મંદીર પાસે પહોંચતા પાછળથી આશીષ ઉર્ફે હેમાંશુ ચાવડાએ લોખંડનુ ધારીયુ મારતા તે ત્યા પડી ગયેલ અને ત્યારે આશીષની મમ્મી ભાનુબેન અને અમરેલીના બાદલપુરનો વિશાલ મારૂ પણ આવી ગયેલ અને ઢીકાપાટુનો માર મારવા લાગેલા હતાં. ત્યાથી તે ભાગીને ગામમા ગીરનાર પાન રમેશભાઈ રાવરાણીની કરીયાણાની દુકાને પહોચતા ત્યા વસંત ચાવડા તેનો ભાઈ વિનોદ ચાવડા તથા વસંતનો દિકરો આશીષ પણ આવી ગયેલ અને આરોપીઓએ ધોકા, લોખંડના સળીયો અને ધારીયાથી હુમલો કરી દિધો હતો.

આ બનાવ બનવાનું કારણ એવું છે કે, વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં તેમને સરકાર તરફથી આવાસ યોજનાથી મકાન મળેલ તે મકાન આ લોકો કહે છે કે આ અમારૂ મકાન છે, તમે ખાલી કરી નાખો તે બાબતની સુલ્તાનપુર તેમજ ગોંડલ પોલીસ મથકમાં ફરિયાદ અરજી પણ આપેલી હતી. જે વાતનુ મનદુઃખ ચાલતું હોય તે વાતનુ મનદુઃખ રાખી હુમલો કર્યો હતો. બનાવો અંગેની સામસામી ફરિયાદ પરથી સુલતાનપુર પોલીસે એક મહિલા સહિત સાત શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.







# રાગિણી એમએમએસ થ્રીમાં તમન્ના સાથે નોરા ફતેહી પણ હશે




એકતા કપૂરે 'રાગિણી એમએમસ થ્રી'ની તૈયારી આગળ ધપાવી છે. ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માટે તેણે તમન્ના ભાટિયાની પસંદગી કરી છે. હવે એક અપડેટ પ્રમાણે ફિલ્મમાં નોરા ફતેહી પણ તમન્ના સાથે દેખાશે. જોકે, નોરા ફતેહી માત્ર આઈટમ સોંગ કરશે કે પછી ફિલ્મમાં તેની ભૂમિકા પણ હશે તે હાલના તબક્કે સ્પષ્ટ થયું નથી. ફિલ્મના અન્ય કલાકારો વિશે પણ જાહેરાતની રાહ જોવાઈ રહી છે. હજુ સુધી એક્તાએ કાસ્ટિંગ વિશે કશું જ સત્તાવાર રીતે જાહેર કર્યું નથી. આ વખતે તમન્ના આ ફ્રેન્ચાઈઝીના જોનરમાં ફેરફાર કરી રહી છે. તેને એડલ્ટ ફિલ્મ બનાવવાને બદલે હોરર કોમેડી જોનરમાં ઢાળવામાં આવશે. ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર થઈ ચૂકી છે અને મોટાભાગે આ વર્ષના અંતે તેનું શૂટિંગ શરુ થઈ જશે.

# વોર ટુ ફલોપ જતાં જુનિયર એનટીઆરએ ફિલ્મ ગુમાવી પડી




હૃતિક રોશન અને જુનિયર એનટીઆરની 'વોર ટુ' બોક્સ ઓફિસ પર સદંતર ફલોપ જતાં વ્યથિત થયેલા યશરાજ ફિલ્મસના આદિત્ય ચોપરાએ હવે જુનિયર એનટીઆર સાથેની 'એજન્ટ વિક્રમ' ફિલ્મ પણ માંડી વાળી છે. 'વોર ટુ'માં જુનિયર એનટીઆર હોવાથી તેલુગુ માર્કટને મોટાપાયે કેપ્ચર કરવાની આદિત્ય ચોપરાની ગણતરી હતી. પરંતુ, ફિલ્મ ત્યાં પણ ફલોપ થઈ ગઈ હતી. આથી આદિત્ય ચોપરા હવે સોલો હિરો તરીકે જુનિયર એનટીઆર સાથે હિંદી ફિલ્મ બનાવવાનું પણ જોખમ લેવા તૈયાર નથી. 'વોર ટુ ' ફલોપ જતાં હવે આદિત્ય ચોપરા આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની લેડી એજન્ટને લગતી ફિલ્મ 'આલ્ફા'માં પણ છેલ્લી ઘડીએ કેટલાક ફેરફારો કરાવી રહ્યો છે.

'વોર ટુ' ફલોપ જતાં હૃતિક રોશનની કારકિર્દીને પણ મોટો ફટકો પડી શકે છે. આ ઉપરાંત આ ફિલ્મમાં ભારે આર્થિક નુકસાનને પગલે યશરાજના આગામી કેટલાક પ્રોજેક્ટસનાં બજેટ પર પણ કાતર ફરી શકે તેમ છે.

# સિદ્ધાર્થ-જહાનવીની 'પરમ સુંદરી' રિલીઝ માટે તૈયાર, એડવાન્સ બુકિંગમાં મચાવી ધૂમ

બોલિવૂડના ચાહકો સિદ્ધાર્થ મલ્હોત્રા અને જહાનવી કપૂરની રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'પરમ સુંદરી'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ ૨૯ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મના ટીઝર, ટ્રેલર અને ગીતોએ પહેલેથી જ દર્શકોમાં ઉત્સાહ જગાવ્યો છે. આ સાથે, ૨૬ ઓગસ્ટથી શરૂ થયેલી એડવાન્સ બુકિંગે પણ ફિલ્મની લોકપ્રિયતાને દર્શાવી છે. 'પરમ સુંદરી'માં સિદ્ધાર્થ મલ્હોત્રા અને જહાનવી કપૂરની જોડી દર્શકોને આકર્ષી રહી છે. તુષાર જલોટાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે એડવાન્સ બુકિંગમાં શાનદાર શરૂઆત કરી છે. રિપોર્ટ અનુસાર, ૨૭ ઓગસ્ટની રાત સુધીમાં ફિલ્મે પીવીઆર, આઈનોક્સ અને સિનેપોલિસ જેવી મોટા થિયેટરમાં ૧૨,૦૦૦થી વધુ ટિકિટ વેચાઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે શુક્રવાર સુધી




આ આંકડો ૪૦,૦૦૦ સુધી પહોંચી શકે છે, જે ફિલ્મના સારા પ્રદર્શનના સંકેત આપે છે.

'પરમ સુંદરી'ની વાર્તા બે અલગ-અલગ રાજ્યોના યુવાનોની છે, જેઓ અનપેક્ષિત સંજોગોમાં મળે છે. આ રોમેન્ટિક ડ્રામાની શરૂઆત બોક્સ ઓફિસ પર શાનદાર રહેવાની આશા છે. વિશ્લેષકોના અંદાજ મુજબ, ફિલ્મ પહેલા દિવસે ૭થી ૮ કરોડ રૂપિયાની કમાણી કરી શકે છે. ફિલ્મની આકર્ષક વાર્તા અને જહાનવી-સિદ્ધાર્થની ફ્રેશ કેમેસ્ટ્રી વિશાળ દર્શકવર્ગને આકર્ષવાની ક્ષમતા ધરાવે છે. ફિલ્મની લાંબા ગાળાની સફળતા મોટાભાગે દર્શકોના પોઝિટિવ પ્રતિસાદ અને વર્ડ-ઓફ-માઉથ પર નિર્ભર રહેશે. આ સપ્તાહના અંતે રિલીઝ થતી અન્ય મોટી ફિલ્મોની સરખામણીમાં 'પરમ સુંદરી'ને ઓછો હરીફાઈનો સામનો કરવો પડશે.

"સમાચારનો સાચો પ્રભાવ - સત્ય સમર્પણ ન્યુઝ"

# સત્ય સર્મપણ NEWS




## ન્યુઝ પેપરની ડિજિટલ PDF મેળવો

## ફ્રી

સત્ય સર્મપણ દેનિક ન્યુઝ પેપરની પીડીએફ મેળવવા માટે નીચે આપેલા આઇકન પર ક્લિક કરો અને અમારી સાગે જોડાઓ...

## અમારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને દૈનિક અખબારમાં તમારા બિઝનેસની જાહેરાત કરો

## માત્ર રૂપિયા 4999/- માં

સત્ય સર્મપણ દેનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપવા સંપર્ક કરોઃ +91 85117 58302